**શ્રી**

**બાનાખત**

આજ તારીખ / /૨૦૧૭ને વારના રોજ તમો બાનાખત **લખી લેનાર :**

....

રહે.

જોગ, અમો બાનાખત **લખી આપનાર :**

**પ્લેટીનમ રીયાલીટી** (PAN-AAJEP 1796 M)ના વહિવટકર્તા ભાગીદાર..

૧. ઘનશ્યામભાઇ નરેન્દ્રભાઇ સોની, ઉ.વ.આ. ૪૩, ધંધો વેપાર,
 રહે. ૫૦/બી, સ્પનવિલે બંગલો, અરૂણોદય સર્કલ, અલકાપુરી, વડોદરા.

૨. અવિનાશ જગદીશભાઇ મીસ્ત્રી, ઉ.વ.આ. ૩૧, ધંધો વેપાર,
 રહે. ૧૯, બહુચરનગર સોસાયટી, કારેલીબાગ, વડોદરા.

જત, અમો બાનાખત લખી આપનાર તમો બાનાખત લખી લેનારને આ **બાનાખત** લખી આપીએ છીએ કે,

(૧) અમોએ તમોને નીચે પરિશિષ્ટ જણાવેલી મિલકત ₹ ................../- (શબ્દમાં રૂપિયા ..........................) પુરામાં વેચાણ આપવાનું આજરોજ નક્કી કર્યુ છે અને તેના બાના પેટે તમોએ અમોને **₹** ............................/- **પુરા** ચેક નં. ................., ............................ બેંક .........................ના ચેકથી આપ્યા છે, અને તે અમોને પહોંચ્યા છે. અને બાકી રૂપિયા આપણા વચ્ચે નક્કી થયા પ્રમાણે તમારે અમોને આપવાના છે.

(૨) આ બાનાખત તથા દસ્તાવેજનો સ્ટેમ્પ, નોંધણી ફી લખાઇ ફી વગેરે તમામ ખર્ચ તમો બાનાખત લખી લેનારે ભોગવવાનો છે.

(૩) આ બાનાખતમાં જણાવેલી મિલકતનો કબજો તમોને વેચાણ દસ્તાવેજ વખતે સોપીશું.

(૪) આ બાનાખતમાં જણાવેલી મિલકત અમારી માલિકી કબજા ભોગવટાની છે. અને તેમાં અમારા સીવાય બીજા કોઇનો કોઇ પણ જાતનો ભાગ, લાગ, હીત, સંબંધ નથી. તથા કોઇની જપ્તીમાં નથી. તથા કોઇની જામીનગીરીમાં લખી આપી નથી. તથા આ મિલકતના ટાઇટલ ચોખ્ખાં અને માર્કેટેબલ છે. તથા આ મિલકત ઉપર કોઇનો ભરણપોષણનો બોજો નથી તથા કોઇ દિવાની કોર્ટની જપ્તીમાં નથી કે અવલ-જપ્તીમાં નથી તથા કોઇને ગીરો, વેચાણ, બક્ષિસ આપી નથી તથા કોઇએ વળતરમાં લીધી નથી તથા કોઇને બાનાખતથી કે બીજી કોઇ પણ રીતે લખી આપી નથી. તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપીને તમોને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. તેમછતાં કોઇ

હક્ક, દાવો કરતું આવશે તો તેવી તમામ હરકતો અમો તમોને અમારા ખર્ચે દુર કરી આપીશું.

(૫) આ મિલકતનો વેચાણ દસ્તાવેજ કરવાની મુદત આજથી **...............** માસની નક્કી કરવામાં આવી છે. તેથી તે મુદતે અગર તે પહેલા તમો જયારે બાકીના રૂપિયા આપશો ત્યારે અમો તમોને વેચાણનો દસ્તાવેજ કરી આપીશું. પરંતુ દસ્તાવેજ વખતે ₹ ...................../– શબ્દમાં રૂપિયા **..........................** પુરાનો પીડીસી ચેક લઇને અમારે તમોને દસ્તાવેજ કરી આપવાનો છે.

(૬) તેમજ ઉપર જણાવેલ મુદતમાં તમો બાકીના રૂપિયા આપીને વેચાણ દસ્તાવેજ કરાવી લેવા આવો તેમ છતાં જો અમો તમોને વેચાણનો દસ્તાવેજ ના કરી આપીએ તો આ બાનાખતના આધારે કોર્ટ રાહે વેચાણનો દસ્તાવેજ કરાવી લેવાનો તમોને હક્ક છે. તેમાં તમોને જે કોઇ ખર્ચ અગર નુકશાન થશે તેની સર્વે જવાબદારી અમારી છે.

(૭) ઉપર જણાવેલી મુદતમાં તમો બાકીના રૂપિયા ના આપો અને વેચાણ દસ્તાવેજના કરાવીલો તો આ બાનાખતમાં આપેલી બાનાની રકમ તમોને પાછી મળશે નહી. અને તે ફોરફીટ થશે અને બાનાખત રદબાતલ થયેલ ગણાશે.

(૮) આ બાનાખતમાં જણાવેલી મિલકતના વેરા વેચાણ દસ્તાવેજ થયેથી તમારે ભરવાના છે તે પહેલાના અમારે ભરવાના છે.

## પરિશિષ્ટ
## વેચાણ આપવાની મિલકતનું વર્ણન

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, સબ–ડીસ્ટ્રીકટ વડોદરા (વિભાગ–૩)માં શહેર વડોદરાના મોજે ગામ **માંજલપુર**ના રેવન્યુ સર્વે નંબર ૧૦૫, ૧૬૧, ૧૬૦/૨, ટી. પી. સ્કીમ નં. ૧૮ના ફાઇનલ પ્લોટ નંબર ૨૬૫/પૈકી, ૨૬૭, ૨૭૧, ૨૭૪ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ કુલ્લે ૯૭૬૫ ચોરસ મીટર છે તેના વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી મંજુર થયેલ લે–આઉટ અને બિલ્ડીંગ પ્લાન મુજબ **"મનજીતનગર"** ના **બ્લોક નં. એ/૩૨** વાળી મીલ્કત જેના પ્લોટનું ક્ષેત્રફળ **૨૫૨.૩૦** ચોરસ મીટર અને વરાડે પડતા વણવહેંચાયેલા રસ્તાનું માપ **૧૬.૫૮૫**

ચોરસ મીટર મળી કુલે માપ **૨૬૮.૮૮૫** ચોરસ મીટર છે. સદર મિલ્કતનો સીટી સર્વે નંબર **૧૪૫૫**માં સમાવેશ થયેલો છે. તેમાં **''પ્લેટીનીયમ હબ''** નામની સ્કીમ આવેલ છે તે પૈકી ........... ફલોર પર આવેલ ........... નંબર ........... આવેલ છે. તેનું માપ ............. ચોરસ મીટર વરાડે પડતી જમીન તથા કોમન વપરાશના હક્કો સાથે છે. સદર મિલકતની ચર્તૂ:સીમા નીચે મુજબ છે.

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

ઉપરના વર્ણનવાળી મિલકત વેચાણ આપવાની છે.

આ બાનાખત અમોએ અમારી રાજીખુશીથી, વાંચી, વંચાવી, સમજી, વિચારી, વાકેફ થઇ, મનના સાવધપણામાં, કોઈપણ જાતના દાબ-દબાણ કે ધાકધમકી વગર, અમારી અક્કલ હોંશીયારીથી, શરીરની સાવધ અવસ્થામાં, બિનકેફ હાલતમાં લખી આપેલ છે, જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો તમામને કબુલ, મંજુર અને બંધનકારક છે અને રહેશે. જે બદલ અમારી સહી સાક્ષી રૂબરૂમાં કરી આપેલ છે.

સહી સાક્ષી

**લખી આપનાર**

**પ્લેટીનમ રીયાલીટી** ના વહિવટકર્તા ભાગીદાર..

૧. .........................

૧.------------------

ઘનશ્યામભાઇ નરેન્દ્રભાઇ સોની

૨. .........................

૨.------------------

અવિનાશ જગદીશભાઇ મીસ્ત્રી

બાનાખત નં. ( )

તારીખ / /૨૦૧૭

બાનાખત

નામ : સુરેશ કાનજીભાઈ પરમાર

દુકાન નં. ૧, ૨

પ્લેટીનીયમ હબ


શૈલેષ શાહ

સરકાર માન્ય પરવાનેદાર

દસ્તાવેજ વગેરે લખનાર

'ઈ' બ્લોક, ૬ઠ્ઠો માળ, કુબેરભવન,

કોઠી કમ્પાઉન્ડ, કોઠી, વડોદરા-૧.

૧૧-૦૦ થી ૫-૦૦

shaileshdastavej@gmail.com

મો. નં. ૯૮૨૪૦૪૧૬૭૮